જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૧/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૭૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૬ કેસ કરી, ૮૯ વ્યક્તિઓને ઝડપી, ૪૯૩ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૭૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૭૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૭૫/૨૦૨૫**

સાયબર ક્રાઈમઃ (૧) નવરંગપુરા વિસ્તારમાં રહેતા વૃધ્ધ પુરૂષે તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ વોટસએપ નંબર ૯૬૪૩૩૧૨૭૫૬,૯૧૫૮૪૩૭૬૭૨ ૮૯૭૫૩૩૮૯૯૬ તથા ૮૮૮૫૨૨૫૬૬૯ ના ધારકોએ ભેગા મળી વૃધ્ધ પુરૂષ નાઓને ફોન કરી પોતે પોલીસનો ગણવેશ ધારણ કરી આઈપીએસ ઓફીસર તેમજ આરબીઆઈ ઓફીસર હોવાની તથા વિડીયો કોલ દ્વારા મુંબઈ ક્રાઈમ બ્રાંચમાંથી વાત કરતા હોવાની ખોટી ઓળખ આપી વૃધ્ધ પુરૂષના નામથી બીભત્સ ફોટા, ચાઈલ્ડ પોર્નોગ્રાફી, બીભત્સ મેસેજ તથા રૂપિયા ૧૨૬ કરોડના કૌભાંડ, તેમજ દેશવિરોધી ગતિવીધીઓમાં નામ ખુલેલ છે, અને વૃધ્ધ પુરૂષના મોબાઈલ ફોનનો ઉપયોગ મની લોન્ડરીંગ જેવી ગતીવીધીઓમાં થયેલ છે, તેમજ વૃધ્ધ પુરૂષના આધારકાર્ડ પરથી હરીયાણા, પંજાબ, દીલ્હી, હૈદરાબાદ જેવી સિટીમાં બેંક એકાઉન્ટ ખોલાવી હોટેલ બુકીંગ કરાવેલ છે. તદુપરાંત ઓર્ગન ડોનર કરનારના અંગો ચાઈના જેવા દેશોમાં વેચીને કરોડો રૂપિયાનું કૌભાંડ કરેલ છે અને આ ગંભીર કેસમાં સંડોવાયેલા છો તેમ અલગ–અલગ પ્રકારે ડરાવી ધમકાવી વૃધ્ધ પુરૂષના બેંક ડીટેઈલ તથા તમામ માહીતી મેળવી બેંકમાં આવેલ ફંડ વેરીફાય કરવાના બહાને વૃધ્ધ પુરૂષના અલગ–અલગ બેંક ખાતામાંથી આરટીજીએસ તથા યુપીઆઈથી ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી રૂપિયા ૭,૧૪,૪૧૦/– મેળવી લઈ વૃધ્ધ પુરૂષ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.ટી.દેસાઈ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૨) નરોડા વિસ્તારમાં રહેતા યુવાને તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૫ થી તા.૧૦/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળામાં મોબાઈલ નંબર ૭૩૮૫૨૭૮૫૭૪ ના ધારકે વર્ક ફ્રોમ હોમ કરવા યુવાનના મોબાઈલ નંબર ઉપર મેસેજ કરતા યુવાને વર્ક ફ્રોમ હોમ કરવા જણાવતા તેઓએ લીંક મોકલી જે લીંકમાં અલગ–અલગ ટાસ્ક આપતા યુવાને ટાસ્ક પુરા કરતા તેનું વળતર આપી યુવાનને વિશ્વાસમાં લઈ અલગ–અલગ ટાસ્ક માટે રૂપિયા ૭,૦૮,૫૩૦/– મેળવી લઈ નાણાં પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

ક્રાઇમ બ્રાન્ચઃ શાકીર સ/ઓ મોહમદશબ્બીર શેખ (ઉ.વ.૨૩) (રહે. અલી કુંભારનું ડહેલુ ત્રણબતી લુણસાવાડ દિલ્હી ચકલા દરીયાપુર) એ તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ટ્રોકો લોજીસ્ટીક પ્રા.લી.કંપનીના માલીક (૧) કરણ બોથરા (૨) કંપનીના ઓપરેશન મેનેજર પ્રદીપસિંહ કુશ્વાહ (રહે. આર્યા રેસીડેન્સી સૈજપુર ટાવર સેજપુર બોઘા અને (૩) કંપનીના સુપરવાઇઝર પરવેજ પઠાણ (રહે. ગ્રીન ચાલી રખીયાલ) નાઓએ ભેગા મળી ૧૨૨/૧/૨ ફાઇનલ પ્લોટ નં-૬૮૩ કૈલાશ પેટ્રોલ પંપ સામે ગેલેક્ષી સિનેમા રોડ નેશનલ હાઇવે નં-૮ નરોડા તથા દુકાન નં-૨૧,૨૨,૨૩ પુષ્કર ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સીટી ગોલ્ડ સીનેમા પાસે અનીલ સ્ટાર રોડ સરસપુર ખાતે માહે ફેબ્રુઆરી-૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સેલેરીના નાણાં કર્મા લાઇફ કેર નામની એપ્લીકેશન મારફતે આપવાનુ જણાવી કર્મા લાઇફ કેર એપ્લીકેશનમાં કેવાયસી અપડેટ કરાવી સેલેરી રુપે માહે ફેબ્રુઆરી/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા ૪૧,૩૩૦/- નાણાં મેળવી લઈ તેમજ અવન્તી ફાયનાન્સમાંથી લોન મેળવી જેમાંથી રૂપિયા ૨૨,૪૬૮/- લોન ભરપાઈ નહી કરી અને અન્ય કુરીયર બોયના કુલ રૂપિયા ૮,૨૦,૬૩૮/- લોન નહી ભરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ-૦૩ પો.સ.ઇ.શ્રી એન.બી.રાવલ ચલાવે છે.

બાપુનગરઃ બાપુનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે રહેતી યુવતીએ તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ યુવતીના મોબાઈલ ઈન્ટાગ્રામમાં લગ્ન માટેની પ્રોફાઈલ જોતા યુવતીના લગ્ન કરવાના બાકી હોય યુવતીના મોબાઈલમાં આવેલ લીંક ખોલતા ઓસ્ટ્રેલીયામાં રહેતા યુવકનો ઉલ્લેખ કરેલ હોય મોબાઈલ નંબર ૬૨૮૪૯૧૪૧૩૪ તથા ૬૩૭૧૯૦૩૫૫૧ ઉપર તેઓ બન્ને વચ્ચે લગ્ન કરવાની વાતચીત થયેલ અને યુવકે ઓસ્ટ્રેલીયાથી ભારત આવવાનું જણાવેલ ત્યારબાદ થોડા સમયબાદ યુવતીને ફોન કરી મુંબઈ એરપોર્ટ ખાતે આવેલ હોવાનું જણાવેલ અને કસ્ટમ વિભાગમાં પોતાની અટકાયત થયેલાનું જણાવેલ જેમાં છુટકારા માટે અલગ-અલગ ચાર્જ ભરવાનું જણાવી યુવતી પાસેથી તેઓના બેંક ખાતામાં ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૯૪,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરાવી યુવતી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ રાજનભાઇ રસીકભાઇ લાઠીયા (ઉ.વ.૩૯) (રહે. રમા નિવાસ પરીવાર પાર્ક શેરી નંબર-૨ મયાણી ચોક રાજકોટ) એ તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઇલ નંબર ૬૬૬૬૯૨૬૬૭૧ ના ધારકે કૃષ્ણ દેસાઇ નામ દર્શાવી મેજીક ઓટો નામથી બી૧.સેકન્ડ ફલોર ઓફિસ નં.૯ સાયન્સ સીટી સોલા ખાતેથી તા.૦૬/૧૦/૨૦૨૫ થી તા.૨૯/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન "મેજીક ઓટો" ઉપર મારૂતી સુઝીકી અર્ટીકા ડેમો કાર વેચાણ આપવાની જાહેરાત મુકતા રાજનભાઇ લાઠીયાએ ડેમો કાર ખરીદી કરતા રાજનભાઇ લાઠીયા પાસેથી તેઓએ રૂપિયા ૯,૩૨,૬૦૦/- મેળવી લીધા હતા. ત્યારબાદ જાણવા મળેલ કે મોબાઇલ નંબર ૬૬૬૬૯૨૬૬૭૧ ના ધારક કૃષ્ણ દેસાઇએ કાર નંબર જીજે ૦૧ એલટી ૬૨૯૨ અન્ય વ્યક્તિ પાસેથી ભાડેથી લીધેલ હતી જે કારના નંબર બદલી રાજનભાઇ લાઠીયાને વેચાણ કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

સોનાનો દોરો ઝુટવી લઈ ગયોઃ- **સમાચાર ચાદી નં.૧૬૭૬/૨૦૨૫**

નરોડાઃ આર્યનસિંહ કોદરસિંહ ચંપાવત (ઉ.વ.૨૧) (રહે. શ્રી બાલાજી એન્કલેવ ફ્લેટ શ્રી રામ વાટીકા સોસાયટી સામે નરોડા) તા.૨૭/૧૧/૨૦૨૫ સાંજના ૦૬/૪૫ વાગ્યાના સુમારે નરોડા ઓર્ચિડ રોયલ ફ્લેટ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્પોર્ટસ મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ આર્યનસિંહ ચંપાવતના ગળામાંથી સોનાનો દોરો પેડલ સહીત કિમત રૂપિયા ૬૦,૦૦૦/-ઝૂટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ આર્યનસિંહ ચંપાવત એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૬૭૭/૨૦૨૫**

ચાંદખેડાઃ ચાંદખેડા જગતપુર મારુતીનંદન હોટલ પાછળ આર્કેડીયા–૭૭ નામની નવી બનતી સાઈટ પાસે મજુર કોલોની ખાતે રહેતા લલી ડો/ઓ હરમુભાઈ હટીલા (ઉ.વ.૧૯) (મુળ વતન. મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૧/૨૦૨૫ બપોરના ૦૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના ભાગે લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદિશકુમાર ભાઇલાલભાઇ ચલાવે છે.

કારંજઃ ઝુબેદાબાનુ વજીરમિયા મલેક (ઉ.વ.૬૦) (રહે. ચાંદશહિદની ગલીમા) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૧/૨૦૨૫ કલાક ૦૯/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લગાવેલ લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પ્રજાપતિ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી